# શ્રી શત્રુંજય – મુકિત સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાલીસગામ – ૪૨૪ ૧૦૧.

## સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા

Answer Sheet

અભ્યાસક્રમ ક્રં :

### ◆◆◆ અભ્યાસક્રમ જવાબ પત્ર ◆◆◆

એનરોલમેન્ટ નંબર

૮

નામ ____________

વિદ્યાર્થીનું નામ ____________

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા**

| | |
|---|---|
| (૧) | ધર્મભ્રષ્ટ |
| (૨) | પ્રકૃતિબંધ |
| (૩) | સમાન |
| (૪) | કુબુદ્ધિ |
| (૫) | ગુરુવંદન |
| (૬) | આભૂષણો |
| (૭) | માહેન્દ્ર |
| (૮) | દીર્ઘદર્શી |
| (૯) | ધ્યાન |
| (૧૦) | મલિન |
| (૧૧) | પહોળાઈ |
| (૧૨) | વેદનીય |
| (૧૩) | શોભન |
| (૧૪) | કુંડલ |
| (૧૫) | નિર્જરા |
| (૧૬) | પરિધાન |
| (૧૭) | ભીંભલા |
| (૧૮) | અપ્રમાદી |
| (૧૯) | અવિનય |
| (૨૦) | તપ. |

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં**

| | |
|---|---|
| (૧) | કાયક્લેશ |
| (૨) | દેરાસર |
| (૩) | ચૌદ રાજલોક |
| (૪) | અંતરાય |
| (૫) | ગુરુસ્થાપના/પંચિંદિય |
| (૬) | તીર્થ સિદ્ધ |
| (૭) | જૈનેન્દ્ર વ્યાકરણ |
| (૮) | પ્રમાદ |
| (૯) | સુપાર્શ્વ |
| (૧૦) | મનઃપર્યવજ્ઞાન |
| (૧૧) | રાગ |
| (૧૨) | વાત |
| (૧૩) | સુકાળ |
| (૧૪) | આહારનો ત્યાગ |
| (૧૫) | અભ્યંતર તપ. |

**પ્રશ્ન-૩ શબ્દનો અર્થ**

| | |
|---|---|
| (૧) | મસ્તકે |
| (૨) | તપ |
| (૩) | સ્વભાવ |
| (૪) | તથા |
| (૫) | સંક્ષેપમાં |
| (૬) | સ્વાધ્યાય |
| (૭) | લંબાઈ |
| (૮) | ચારિત્ર |
| (૯) | ઉંચાઈ |
| (૧૦) | હીન |
| (૧૧) | સંગ્રહ/સમુદાય |
| (૧૨) | કુંભાર |
| (૧૩) | અપ્રીતિભાવ |
| (૧૪) | સાધુ |
| (૧૫) | યોજન |
| (૧૬) | સ્થિતિ |
| (૧૭) | બારસ |
| (૧૮) | બ્રહ્મચર્યની |
| (૧૯) | કપડાં |
| (૨૦) | રત્નપ્રભા |

**પ્રશ્ન-૪ જોડકાં જોડો**

| | | | |
|---|---|---|---|
| (૧) | ૫ | (૬) | 9 |
| (૨) | 6 | (૭) | ૨ |
| (૩) | ૪ | (૮) | 10 |
| (૪) | 8 | (૯) | 1 |
| (૫) | 3 | (૧૦) | 5 |

**પ્રશ્ન-૫ સંખ્યામાં જવાબ**

| | |
|---|---|
| (૧) | ૬ |
| (૨) | 33 |
| (૩) | ૫ |
| (૪) | ૨ |
| (૫) | 1૫ |
| (૬) | 36 |
| (૭) | 56 |
| (૮) | 15 |
| (૯) | 9 (હિંદી-૨8) |
| (૧૦) | 18 |

| | પ્રશ્ન-૬ ✓ કે × | | પ્રશ્ન-૭ જ પાઠ જ ધર્મ છે કે નહીં |
|---|---|---|---|
| (૧) | × | (૧) | ૧૨ |
| (૨) | ✓ | (૨) | ૨૪ |
| (૩) | × | (૩) | ૭ |
| (૪) | × | (૪) | ૧૪ |
| (૫) | × | (૫) | ૬ |
| (૬) | ✓ | (૬) | ૧૦ |
| (૭) | ✓ | (૭) | ૨૨ |
| (૮) | × | (૮) | ૨ |
| (૯) | ✓ | (૯) | ૧૬ |
| (૧૦) | ✓ | (૧૦) | ૮ |

| પ્રશ્ન ૧-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૨-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૩-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૪-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૫-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૬-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૭-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૮-મેળવેલ ગુણ | = | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | | | |

રીમાર્ક ____________ તપાસનારની સહી ____________

પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો.

પ્ર - ૮

૧. રસબંધ — કાર્મણ વર્ગણા આત્મા સાથે ક્ષીર-નીરની જેમ એકમેક થઈ જાય અને કર્મસ્વરૂપે ચોંટે છે તેને બંધ કહેવાય છે. કર્મ પુદ્ગલના શુભ-અશુભ રસનું તીવ્રમંદપણું તે રસબંધ. મોદકના દૃષ્ટાંતથી સમજાવ્યું છે. મોદકમાં ગળપણ હોવાથી સામાન્યતાથી મોદક ગળ્યા જ કહેવાય છતાં દરેક મોદકની મિઠાસમાં તરતમતા હોય છે. મેથીના મોદક કડવા હોય છે. એની કડવાસમાં પણ ઓછા અધિકપણું હોય એવી જ રીતે આત્માની સાથે જોડાતા શુભ-અશુભ કર્મના રસમાં તરતમતા હોય છે. કર્મબંધ વખતે રસમાં મંદતા, તીવ્રતા, તીવ્રતરતા, તીવ્રતમતા જોવા મળે છે તેને રસબંધ કહેવાય છે.

૨. રાજકથા — જે કથા કરવાથી.. સાંભળવાથી મન કલુષિત થાય અને આત્મા કર્મથી ભારે થાય એવી આત્માનું એકાંતે અહિત કરનારી કથા તે વિકથા છે એ ચાર પ્રકારની છે એમાં એક રાજકથા છે.— આપણો રાજા શત્રુ સામે લડવા સમર્થ નથી, ફલાણા રાજાને તો મારવું જ જોઈએ, ફલાણા રાજાની પ્રજા હવા જોઈએ બે રાજાઓનો યુદ્ધ થયું સારું થયું. એ રાજાના તો આવા જ હાલ થવા જોઈએ, આ રાજા તો રાજ કરતાં જ નથી આવડતું.. આને કાંઈ રાજા કહેવાય, આ રાજા તો દુષ્ટ છે.. જલ્દી મરી જાય તો સારું આ રાજા સારું છે લાંબો સમય રાજ કરે તો સારું આવું બોલવું રાજકથા છે.

૩. ગુરુ ખામણા સૂત્ર — હે ભગવાન! ઈચ્છાપૂર્વક આપ મને આદેશ આપો, હું દિવસની અંદર થયેલા અપરાધોને ખમાવવા માટે તત્પર છું --- ખમાવો.. આપની આજ્ઞા પ્રમાણે હું એ જ ઈચ્છું છું. જે કાંઈ અપ્રીતિભાવ કે વિશેષ અપ્રીતિભાવ ઉપજાવ્યો હોય; ભોજન, પાણી, વિનય, ગુરુસેવા એકવાર બોલવાને વિષે, વારંવાર બોલવાને વિષે, ગુરુથી ઊંચા આસને બેસવાને, ગુરુની સમાન આસને બેસવાને, ગુરુ બોલતા હોય તેમની વચ્ચે બોલવાને, કહેલી વાત વિશેષપણે કહેવાને વિષે જે કાંઈ મારાથી વિનયહીન ઓછું અથવા વધારે થયું હોય તે તમે જાણો છો, હું જાણતો નથી તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ, આ સૂત્રથી ગુરુને અતિશય અપરાધ ખમાવાય છે.

૪. દાન ---- પ્રભુને દીક્ષા લેવાને એક વરસ બાકી રહ્યું હોય ત્યારથી પ્રભુ સૂર્યોદય થવાથી આરંભીને એક પહોર દિવસ ચઢે ત્યાં સુધી વાર્ષિકદાન આપે છે. એ દાન દેવાના છ અતિશય આ પ્રમાણે છે — સૌધર્મેન્દ્ર તીર્થંકરના હાથમાં સ્થિતિ કરે છે, ઈશાનેન્દ્ર સુવર્ણની છડી હાથમાં રાખી દેવોને દાન લેતા નિવારે છે અને મનુષ્યના લલાટમાં હોય તેટલું જ તે માંગે એવી પ્રવૃત્તિ રાખે, ચમરેન્દ્ર ઊભો રહી તીર્થંકરના હાથમાં ઓછી કે વધારે સોનામહોર ન આવે તેની વ્યવસ્થા કરે. ભવનપતિ દેવો અન્ય ક્ષેત્રના મનુષ્યોને દાન લેવા તેડી આવે, વાણવ્યંતરો તેમને તેમના ક્ષેત્રમાં પાછા મૂકી આવે. જ્યોતિષ્ક દેવો વિદ્યાધરોને દાન લેવાની ખબર આપે. આ છ અતિશય દાન ના છે.

૫. સાત નારકીને વિષે રહેલા જીવોની ઊંચાઈ જણાવતા કહે છે — સાતમી નારકી ના જીવોની ઊંચાઈ પાંચસો ધનુષ્ય (૨) છઠ્ઠી નારકીના જીવો – ઊંચાઈ અઢીસો ધનુષ્ય (૩) પાંચમી નારકીના જીવો – ઊંચાઈ સવાસો ધનુષ્ય (૪) ચોથી નારકીના જીવો – ઊંચાઈ ૬૨ ધનુષ્ય અને બે હાથ, (૫) ત્રીજી નારકીના જીવો – ઊંચાઈ – ૩૧ ધનુષ્ય એક હાથ (૬) બીજી નારકીના જીવો – ઊંચાઈ ૧૫ ધનુષ્ય બે હાથ ૧૨ અંગુલ (૭) પહેલી નારકી ના જીવ – ઊંચાઈ ૭ ધનુષ્ય, ૩ હાથ, ૬ અંગુલ. સાતમીથી ઉપર ઉપર ઊંચાઈ અડધી અડધી થતી જાય છે.